# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : મિત ગોર

**તારીખ : ૦૨-૦૨-૨૦૨૩ ગુરુવાર** **સમય : સાંજે ૬:25 કલાકે**

---

## કચ્છ-જી૨૦ સમિટ તૈયારીને આખરી ઓપ:

જી-20 સમિટને આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.કેન્દ્રીય પર્યટન સચિવ અરવિંદસિંહે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે 7,8 અને 9 ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર મુખ્ય કાર્યક્રમમાં ભારત અને વિદેશના મળી લગભગ 75 થી 100 પ્રતિનિધિઓ ભાગ લેશે. દેશમાં 55 સ્થળોએ 200થી વધુ બેઠકો યોજાશે અને આ વર્ષે એક લાખથી વધુ વિદેશી પ્રતિનિધિઓ ભારતની મુલાકાત લેશે. પ્રવાસનના દૃષ્ટિકોણથી ધોરડો સહિત સમગ્ર દેશમાં ઘણી બધી ઇવેન્ટ્સ યોજાશે. જી-20ના ડેલીગેટ્સ ૯મી ગુરુવારે સવારે યુનેસ્કો દ્વારા જાહેર વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા ખાતે પહોંચશે જ્યાં તેઓ સાઈટને નિહાળવા સાથે વિશ્વ વિરાસતના ઇતિહાસથી વાકેફ થશે. વિદેશી મહેમાનો ધોરડોથી રસ્તા માર્ગે જવાના હોવાથી અહીં નવો રસ્તો પણ બનાવવામાં આવ્યો છે.

- કલ્પના શાહ

---

## જ્ઞાનસેતુ સ્કુલ પ્ર�જેક્ટ:

શિક્ષણ વિભાગ દ્વારા દરેક તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં સામાજિક ભાગીદારી સાથે જ્ઞાનસેતુ સ્કૂલ' શરૂ કરવાનો ઠરાવ કર્યો છે. તેમાં સરકારી અને અનુદાનિત શાળાઓના વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષાના આધારે નવા સત્રથી ધોરણ 6 માં પ્રવેશ અપાશે. આ જ્ઞાનસેતુ ડે સ્કૂલ પ્રોજેકટ હેઠળ કચ્છના દરેક તાલુકા દીઠ એક-એક તેમજ મુખ્યમથક ભુજમાં બે જેટલી આવી શાળા શરૂ કરવાનું આયોજન છે.

સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ પ્રાપ્ત કરવાના ઉદેશથી આ શાળામાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીને ધો 6 થી 12 સુધી વિના મૂલ્યે અભ્યાસ કરાવાશે તેમજ છાત્રોને કૌશલ્ય, કારકિર્દી માર્ગદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી તથા અભ્યાસ માટે નીટ અને JEE તથા એનડીએ જેવી પરીક્ષાઓ માટે શ્રેષ્ઠ કોચિંગની સુવિધા પૂરી પડાશે.

- કલ્પના શાહ

---

## પ્રોપર્ટી કાર્ડ બનાવવાની કામગીરી:

શહેર વિસ્તારની જેમ જીલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ગામ તળમાં આવેલી મિલકતોના પ્રોપર્ટીકાર્ડ બનાવવા ડ્રોનથી સર્વે હાથ ધરવામાં આવ્યો છે. સ્વામીત્વ યોજના હેઠળ ગામ તળની મિલકતોની માપણી કરી, જે-તે મિલકતના માલિકને મિલકતની માલિકીના આધાર તરીકે પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવે છે. પાઇલોટ પ્રોજેક્ટનો ભુજ શહેર અને તાલુકામાં પ્રારંભ થયા બાદ અત્યાર સુધીમાં ભુજ તાલુકાના 77, રાપર 22, અંજાર 39 અને મુન્દ્રા તાલુકાના 31 ગામોમાં ડ્રોનથી સરવે કામગીરી થઇ છે અને માંડવી તાલુકાના 65 ગામોમાં કામગીરી ચાલી રહી છે.

- કલ્પના શાહ

---

## બેટી બચાવો-બેટી પઢાઓ:

દિકરીને જો ઉડવા માટે ખુલ્લું આકાશ તથા સહયોગ આપવામાં આવે તો તે દરેકક્ષેત્રમાં પોતાના નામની પતાકા લહેરાવી શકે છે. આવી જ કૃષિ અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા માલધારી એવા રબારી સમાજની બે દિકરીઓએ પરંપરા અને રૂઢીવાદની દિવાલો તોડીને આર્ચરી જેવી ઓછી પ્રચલિત પરંતુ મહેનત માંગી લેતી રમતમાં સફળ તીર સાધીને છેક નેશનલ કક્ષા સુધી પોતાનું નામ નોંધાવ્યું છે. અને ભવિષ્યમાં કપરી મહેનતના બળે કોમનવેલ્થ અને ઓલિમ્પિક સુધી જવાની પ્રબળ ઇચ્છા ધરાવે છે.

અંજાર તાલુકાના અજાપરની જિજ્ઞા રબારીની અને નવાગામની ચેતનાનું નાનપણ ગાયો-ભેંસો વચ્ચે વિતાવીને પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યું. નાનપણથી  રમત-ગમતમાં ખુબ જ હોંશિયાર હોવાથી માધાપર ખાતે સરકાર દ્વારા કાર્યરત જીલ્લાકક્ષાની સ્પોર્ટસ સ્કુલમાં એડમિશન પ્રાપ્ત થયું. જે બાદ આ બંને દિકરીઓને ઉડવા માટે ખુલ્લું ફલક અને મોકળું મેદાન મળી ગયું. બંને દિકરીઓની કાબેલિયતને ઓળખીને આર્ચરીમાં તાલીમ આપવામાં આવતા આજે ૧૪ વર્ષની જિજ્ઞા અને ૧૩ વર્ષની ચેતના નાનકડા ગામથી લઇને સમગ્ર ગુજરાતનું નામ દેશમાં રોશન કરી રહી છે. તાજેતરમાં કોફી વીથ કલેકટર કાર્યક્રમમાં બંને દિકરીનું ખાસ જિલ્લા સમાહર્તાએ ખાસ સન્માન કરીને પ્રોત્સાહિત કરી હતી.

- કલ્પના શાહ

---

## વિશ્વ જળપ્લાવિત ભૂમિ દિવસ:

આજે વિશ્વ જળપ્લાવિત ભૂમિ દિવસ છે. આજના દિવસે 1971માં ઇરાનના રામસર શહેરમાં જળપ્લાવિત ભૂમિના સંરક્ષણ અને વિકાસ અંગે આતંરરાષ્ટ્રીય પરિષદ યોજાઇ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે ગાંધીનગરમાં ગુજરાતનાં સમૃદ્ધ જળપ્લાવિત વિસ્તારને ઉજાગર કરતી 'વસુધૈવ કુટુંમ્બકમ'ની થીમ આધારિત ફિલ્મનું લોન્ચીંગ કરવામાં આવ્યું. જાણીતા સંગીતકાર રૂપકુમાર રાઠોડ નિર્મિત આ ફિલ્મમાં રાજ્યની ચારેય રામસર સાઇટ્સ સહિત કચ્છ વિસ્તારમાં મહેમાન બનતા વિદેશી પક્ષીઓ અને ગુજરાતનાં સમૃદ્ધ વેટલેન્ડ્સનું ફિલ્મમાં અદભુત નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી દ્વારા પક્ષીઓની તસવીરો રજૂ કરતી એક 'કોફી ટેબલ' બુકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના છારીઢંઢ, થોળ, નળ સરોવર, કચ્છનું નાનું રણ, વઢવાણા જેવા વેટલેન્ડસ સ્થળોએ યાયાવર પક્ષી જોવા મળે છે.

- કલ્પના શાહ

---

## આંબાની વિદેશમાં નિકાસ માટે અપેડા ફોર્મ રજીસ્ટ્રેશન:

જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા જણાવવામાં આવે છે કે, આંબા પાકની ખેતી કરતા ખેડુતોને વિદેશમાં કેરીની નિકાસ કરવાની થતી હોય તો ખેડૂતોએ પોતાના બગીચાનું અપેડા અંતર્ગત ફાર્મ રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી હોય છે. આ રજીસ્ટ્રેશનની કામગીરી જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. રસ ધરાવતા ખેડૂતોએ નિયત નમુનામાં અરજી ફોર્મ મેળવી જરૂરી સાધનિક કાગળો સાથે આગામી ૨૮/૦૨/૨૦૨૩ સુધીમાં અરજી કરવાની રહેશે.

- કલ્પના શાહ

---